એશિયન પેરા ગેમ્સ

ભારતનું અભિયાન ઐતિહાસિક 114 મેડલ સાથે સમાપ્ત

ભારતના પેરા એથ્લેટ્સે 22 ગોલ્ડ, 19 સિલ્વર અને 24 બ્રોન્ઝ સહિત કુલ 65 મેડલ જીત્યા

ભારતીય ટુકડીએ 30 ગોલ્ડ, 35 સિલ્વર અને 49 બ્રોન્ઝ સાથે કુલ 114 મેડલ કબજે કર્યા

નાગોયા, તા. 23 (પીટીઆઈ) : ભારતીય પેરા એથ્લેટ્સે અપેક્ષાઓ કરતાં વધુ પ્રદર્શન કરીને એશિયન પેરા ગેમ્સમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતા આજે શુક્રવારે અહીં અંતિમ દિવસે રેકોર્ડબ્રેક પ્રદર્શનને પગલે ભારતે 30 ગોલ્ડ સહિત કુલ 114 મેડલ સાથે પોતાનું અભિયાન સમાપ્ત કર્યું હતું, જેમાં પેરા એથ્લેટ્સના 22 ગોલ્ડ સાથેના 65 મેડલ સામેલ હતા. ભારતે આ ગેમ્સમાં 168 ખેલાડીઓની ટુકડી મોકલી હતી, જે 2023માં હાંગઝોઉમાં થયેલી છેલ્લી આવૃત્તિમાં ભાગ લેનારા ખેલાડીઓની સંખ્યા કરતાં લગભગ અડધી હતી. ભારતીય ખેલાડીઓએ હાંગઝોઉમાં 27 ગોલ્ડ સહિત 108 મેડલ જીત્યા હતા, જે તે સમયે દેશનું શ્રેષ્ઠ પ્રદર્શન હતું અને હાલના નાગોયા પેરા ગેમ્સમાં તેનાથી ઉત્કૃષ્ટ પ્રદર્શન થયું છે.

શુક્રવારે અહીં ચાલી રહેલી રમતોમાં પેરા-એથ્લેટિક્સે પહેલી વાર ગોલ્ડ મેડલ ટેલીમાં પ્રભુત્વ મેળવ્યું એટલું જ નહીં, પરંતુ બેડમિન્ટન ખેલાડીઓ, તીરંદાજો અને શૂટર મોના અગ્રવાલે પણ ભારતના મેડલ ટેલીમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. આમ, ભારતે 30 ગોલ્ડ, 35 સિલ્વર અને 49 બ્રોન્ઝ મેડલ સાથે પોતાનું અભિયાન પૂરું કર્યું. ભારત હાલમાં મેડલ ટેબલમાં ચોથા ક્રમે છે, પરંતુ શનિવારે કેટલીક ઈવેન્ટ્સના ફાઇનલને કારણે તેનું સ્થાન બદલાઈ શકે છે, જેમાં કોઈ ભારતીય ખેલાડી ભાગ લઈ રહ્યા નથી. ભારતે ઝુંબેશના અંતિમ દિવસે નવ ગોલ્ડ મેડલ જીત્યા, જે આ તબક્કે તેનું શ્રેષ્ઠ એક દિવસીય પ્રદર્શન છે. આ ગોલ્ડ મેડલ તીરંદાજી, શૂટિંગ, બેડમિન્ટન અને એથ્લેટિક્સમાં આવ્યા હતા. હંમેશની જેમ, એથ્લેટિક્સે ભારતના મેડલ ટેલીમાં ઉમેરો કર્યો. ભારતે આ ઈવેન્ટમાં કુલ 65 મેડલ જીત્યા, જે 2023 કરતા 12 વધુ છે.

એશિયાડ પેરા એથ્લેટિક્સ : સંદીપ, હાનીએ વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ જીત્યો

સંદીપે પુરુષોની 400 મીટર T64 રેસમાં 52.28 સેકન્ડના વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો, અજય કુમારે બ્રોન્ઝ જીત્યો

ભાલા ફેંક F37/38માં હાનીએ 60.49 મીટરનો થ્રો કરી વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો

નાગોયા, 23 ઓક્ટોબર (પીટીઆઈ) ભારતના સંદીપ અને હાનીએ શુક્રવારે એશિયન પેરા ગેમ્સમાં અનુક્રમે પુરુષોની 400 મીટર T64 ફાઇનલ અને પુરુષોની ભાલા ફેંક F37/38 ઇવેન્ટમાં વિશ્વ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યા હતા. સંદીપે 52.28 સેકન્ડના વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ જીત્યો, સાઉદી અરેબિયાના નૂર અલસાનાએ 53.13 સેકન્ડના સમય સાથે સિલ્વર જ્યારે અજયે 53.61 સેકન્ડના સમય સાથે ગેમ્સ રેકોર્ડ કરીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભાલા ફેંક F37/38 માં, હાનીએ 60.49 મીટર (રઝ્ઝા માર્ક 1116)ના વર્લ્ડ રેકોર્ડ થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો. ઈરાનના હોર્મોઝ એસ. એ 50.68 મીટર (રઝ્ઝા માર્ક 1009) ના થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો, અને ચીનના યુ ચેંગજીએ 53.66 મીટર (રઝ્ઝા માર્ક 943) ના થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

એશિયાડ પેરા શૂટિંગ : મોના અગ્રવાલે વર્લ્ડ રેકોર્ડ સાથે બીજો ગોલ્ડ જીત્યો

નાગોયા, તા. 23 : ભારતીય પેરા શૂટર મોના અગ્રવાલે આજે શુક્રવારે એશિયન પેરા ગેમ્સમાં મહિલાઓની 50 મીટર રાઇફલ થ્રી પોઝિશન્સ SH1 ઇવેન્ટમાં 357.5નો સ્કોર કરીને વર્લ્ડ રેકોર્ડ તોડીને ઇવેન્ટમાં પોતાનો બીજો ગોલ્ડ મેડલ જીત્યો હતો. અગાઉનો 356નો વર્લ્ડ રેકોર્ડ સ્વીડનની અન્ના બેન્સનનો હતો, જે આ વર્ષે જુલાઈમાં તેણે બનાવ્યો હતો. ચીનની ઝાંગ કુઇપિંગે 353.7ના સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે દક્ષિણ કોરિયાની કિમ મ્યુંગ-ચંગે 344.4ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. ભારતની અવની લેખરા 333.2ના સ્કોર સાથે ચોથા સ્થાને રહી હતી. મોનાએ અગાઉ મહિલાઓની 10 મીટર એર રાઇફલ સ્ટેન્ડિંગ SH1 ઇવેન્ટમાં 250 પોઇન્ટના ગેમ્સ રેકોર્ડ સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે લેખાએ સિલ્વર મેડલ જીત્યો હતો.

ભારતે ત્રણ ગોલ્ડ સહિત 16 મેડલ સાથે બેડમિન્ટન અભિયાનનો અંત કર્યો

નિતેશે ભારતના જ પ્રમોદ ભગતને હરાવીને, નવીને ઇન્ડોનેશિયાના ફ્રેડીને હરાવી ગોલ્ડ જીત્યો, તુલસીમતી-માનસીએ મહિલા ડબલ્સમાં ગોલ્ડ જીત્યો

નાગોયા, તા. 23 (પીટીઆઈ) : પેરિસ પેરાલિમ્પિક્સ ચેમ્પિયન નિતેશ કુમાર અને નવીન શિવકુમારે પુરુષોના સિંગલ્સ SL3 અને SL4 માં ગોલ્ડ, જ્યારે તુલસીમતી મુરુગેસન અને માનસી જોશીએ મહિલા ડબલ્સ SL3, SU5 માં ગોલ્ડ મેડલ જીતતા એશિયન પેરા ગેમ્સ બેડમિન્ટન સ્પર્ધામાં ભારત માટે આજે શુક્રવારનો દિવસ શાનદાર રહ્યો હતો. ભારતે બેડમિન્ટનમાં પોતાના અભિયાનનો અંત કુલ 16 મેડલ સાથે કર્યો, જેમાં ત્રણ ગોલ્ડ, પાંચ સિલ્વર અને આઠ બ્રોન્ઝનો સમાવેશ થાય છે. મુરુગેસન અને માનસીએ 30 મિનિટ સુધી ચાલેલા મુકાબલામાં ચીનના યાંગ ક્વિક્સિયા અને ઝિયાઓ ઝુએક્સિયનને 21-16, 21-13થી હરાવ્યા હતા. પેરાલિમ્પિક્સ ગોલ્ડ મેડલિસ્ટોની મેચમાં, નીતેશે પ્રમોદ ભગતને 21-18, 21-16થી હરાવ્યો. 2018 અને 2022 માં ગોલ્ડ જીતનાર પ્રમોદે સિલ્વરથી સંતોષ માનવો પડ્યો હતો. આ ગેમ્સમાં પહેલી વાર ભાગ લઈ રહેલા નવીને 36 મિનિટ ચાલેલા મુકાબલામાં ઇન્ડોનેશિયાના ફ્રેડી સેટિયાવાનને 21-9, 21-17 થી હરાવીને ગોલ્ડ જીત્યો હતો.

હરવિંદર-વિજયે મેન્સ પેરા રિકર્વ ડબલ્સ આર્ચરીમાં ગોલ્ડ જીત્યો

નાગોયા, તા. 23 : ભારતના હરવિંદર સિંહ અને વિજય સુંડીએ આજે શુક્રવારે એશિયન પેરા ગેમ્સમાં પુરુષોની પેરા-રિકર્વ ડબલ્સની ફાઇનલમાં ચીનને 5-1થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. બંને ટીમો વચ્ચેનો પહેલો સેટ 35-35થી બરાબર રહ્યો હતો. ભારતે બીજો સેટ 37-36 અને ત્રીજો 38-36થી જીતીને ગોલ્ડ અંકે કર્યો હતો. ચીનની યુન ડુઓ અને ઝાઓ લિક્સુની જોડી તેમના પ્રદર્શનમાં સાતત્ય જાળવી શકી નહોતી. આ પહેલા, ભારતની ભાવના ચૌધરી અને પૂજા જાટિયા મહિલા પેરા રિકર્વ ડબલ્સની ફાઇનલમાં ચીનની ગાઓ ઝિહાન અને વાંગ શુકિયાન સામે 0-6થી હારતા તેમને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. ભારતીય જોડીએ 31, 30, 29 જ્યારે ચીને 38, 35 અને 39 સ્કોર કર્યા.

ભાલા ફેંક F64માં સુમિત એન્ટીલના ગોલ્ડ સાથે ભારતનું ક્લિનસ્વીપ

નાગોયા, તા. 23 (પીટીઆઈ) : આજે શુક્રવારે અહીં એશિયન પેરા ગેમ્સમાં પુરુષોની F42-44/61-64 સંયુક્ત ઇવેન્ટમાં ભારતે ત્રણેય મેડલ જીતીને ક્લીનસ્વીપ કર્યું હતું. સુમિત એન્ટિલે પોતાના બીજા પ્રયાસમાં 72.46 મીટર થ્રો કરીને ગોલ્ડ જીત્યો, F42 શ્રેણીમાં ભાગ લેનારા મહેન્દ્ર ગુર્જરે 59.03 મીટરના થ્રો સાથે સિલ્વર જ્યારે F44 શ્રેણીના સંદીપ સંજય સરગરે 64.48 મીટરના થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

સમાપન સમારોહમાં મોના અગ્રવાલ-નિષાદ કુમાર ધ્વજવાહક

નાગોયા, તા. 23 : નાગોયા એશિયન પેરા ગેમ્સમાં બે બે ગોલ્ડ મેડલ જીતનાર પેરા શૂટર મોના અગ્રવાલ અને પેરા એથ્લીટ નિષાદ કુમાર શનિવારે સમાપન સમારોહમાં ભારતના ધ્વજવાહક બનશે. મોનાએ 10 મીટર એર રાઇફલ સ્ટેન્ડિંગ SH1 ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યા પછી મહિલાઓની 50 મીટર રાઇફલ થ્રી પોઝિશન SH1 ઇવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ તોડીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

પ્રતિકાની સદી, ચારણીની કેરિયર બેસ્ટ બોલિંગથી ભારતે ઝિમ્બાબ્વેને હરાવ્યું

શ્રી ચારણીની ચાર વિકેટને કારણે ઝિમ્બાબ્વે 197માં ઓલઆઉટ, ભારતે 27.1 ઓવરમાં જ એક વિકેટે લક્ષ્યાંક આંબ્યો

વડોદરા, તા. 23 : અહીં રમાયેલી પ્રથમ વન ડેમાં શ્રી ચારણીની કેરિયર બેસ્ટ 4/23ના પ્રદર્શન પછી પ્રતિકા રાવલની નોટઆઉટ સદી અને શેફાલી વર્માની નોટઆઉટ અડધી સદીની મદદથી ભારતે ઝિમ્બાબ્વે સામે નવ વિકેટથી આસાન જીત મેળવી હતી.

ઓપનીંગમાં આવેલી પ્રતિકાએ 96 બોલની ઈનિંગમાં 15 ચોગ્ગા ફટકારીને 100, જ્યારે શેફાલીએ 32 બોલની ઈનિંગમાં ચાર ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી 64 રન બનાવ્યા હતા. બીજી વિકેટ માટે તેમની નોટઆઉટ 106 રનની ભાગીદારીએ ભારતને 27.1 ઓવરમાં એક વિકેટે 200 રન સુધી પહોંચાડવામાં મદદ કરી હતી. ભારતીય કેપ્ટન સ્મૃતિ મંધાના (32 રન) એકમાત્ર બેટ્સમેન હતી જે આઉટ થઈ હતી.

આ પહેલા શ્રી ચારણીએ 10 ઓવરમાં 23 રન આપીને ચાર વિકેટ લઈને પોતાના કરિયરનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું, જેના કારણે ઝિમ્બાબ્વેની ટીમ 49.5 ઓવરમાં 197 રનમાં સમેટાઈ ગઈ હતી.

આજે બીજી ટી-20 : બેટિંગ ફ્રેન્ડલી પિચ પર ભારતીય બોલરો પર દબાણ

બેટ્સમેનોના જોરે પહેલી મેચ જીત્યા પછી હવે ક્રાઇસ્ટચર્ચની બેટિંગ ફ્રેન્ડલી વિકેટ પર ભારતીય બોલરોએ સારુ પ્રદર્શન કરવું પડશે

બપોરે 12.30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

ક્રાઇસ્ટચર્ચ, તા. 23 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની સીરિઝની પહેલી મેચમાં બેટ્સમેનોના જોરે મોટું લક્ષ્ય હાંસલ કરવામાં સફળ રહેલા ભારતે આવતીકાલે શનિવારે અહીંની બેટિંગ ફ્રેન્ડલી વિકેટ પર બપોરે 12.30 વાગ્યાથી રમાનારી બીજી ટી-20માં પોતાની જીતનો સિલસિલો ચાલુ રાખવો હોય તો ભારતીય બોલરોએ સારું પ્રદર્શન કરવું પડશે.

ભારતે 226 રનના રેકોર્ડ લક્ષ્યનો પીછો કરીને પાંચ મેચની સીરિઝમાં 1-0ની સરસાઇ મેળવી હતી, પરંતુ બાકીની મેચોમાં બેટ્સમેન પર વધુ પડતો આધાર રાખવો મોંઘો સાબિત થઈ શકે છે. પાંચમા અને છઠ્ઠા બોલરનો વિકલ્પ ભારત માટે ચિંતાનો વિષય છે કારણ કે ઈજાગ્રસ્ત હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં અન્ય ઓલરાઉન્ડરો સારું પ્રદર્શન કરી શક્યા નથી. પહેલી મેચમાં, નીતિશ રેડ્ડીએ ચાર ઓવરમાં 40 રન આપ્યા અને કોઈ વિકેટ મેળવી ન હતી, જ્યારે નમન ધીરને બોલિંગ કરવાની તક મળી ન હતી પરંતુ તેણે બેટિંગમાં મેચ વિજેતા ઈનિંગ્સ રમી હતી.

લગભગ ચાર વર્ષમાં ભારત માટે પોતાની પહેલી મેચ રમી રહેલા ભુવનેશ્વર કુમાર પોતાના શ્રેષ્ઠ ફોર્મમાં નહોતો, તેણે ચાર ઓવરમાં 49 રન આપ્યા. બે નો-બોલ અને એટલા જ વાઇડ બોલ સૂચવે છે કે તેને પોતાની લયમાં સ્થાયી થવા માટે વધુ સમયની જરૂર છે. ફિન એલન અને તેના સાથી ઓપનર ટિમ સીફર્ટે પાવરપ્લેમાં ભુવનેશ્વર અને અર્શદીપને બાઉન્ડ્રી ફટકારીને બંને ઝડપી બોલરો પર દબાણ બનાવ્યું હતું. બીજી મેચમાં પણ બેટ્સમેન માટે પરિસ્થિતિઓ અનુકૂળ રહેવાની અપેક્ષા છે, અને બોલરોએ કોઈપણ ભૂલો ટાળવાની જરૂર પડશે.

ઈજાના કારણે ઈશાન કિશન બીજી ટી-20માંથી બહાર, વૈભવને તક મળી શકે

ક્રાઇસ્ટચર્ચ, તા. 23 : ભારતીય વિકેટકીપર બેટ્સમેન ઇશાન કિશન જમણી જાંઘના સ્નાયુમાં ખેંચાણને કારણે આવતીકાલે શનિવારે અહીં રમાનારી ન્યુઝીલેન્ડ સામેની બીજી ટી20 મેચ રમી શકશે નહીં. ભારતે પહેલી મેચ ચાર વિકેટથી જીતી તેમાં પણ ઇશાન તેના નિર્ધારિત ત્રીજા ક્રમના સ્થાને પાંચમા ક્રમે બેટિંગમાં આવ્યો હતો. હવે તેની ગેરહાજરીમાં, વૈભવ સૂર્યવંશી પ્લેઇંગ ઇલેવનમાં સામેલ થવા માટે સૌથી વધુ સંભવિત દાવેદાર છે, જો કે વૈભવ ઓપનીંગ કરે છે તે સ્થિતિમાં તેના ક્રમ અંગે થોડી અવઢવ રહી શકે છે. ઇશાનની ઇજા અંગે બીસીસીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈશાન કિશન પહેલી ટી20 મેચ દરમિયાન જમણા હેમસ્ટ્રિંગમાં ખેંચાણને કારણે બીજી ટી20 મેચ રમી શકશે નહીં. બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની સ્થિતિ પર નજર રાખી રહી છે. જો કે તેને ફિટ થવામાં કેટલો સમય લાગશે તે કહેવાયું નથી.

ઘાયલ ઇશાન કિશનના કવર તરીકે કુમાર કુશાગ્ર ટીમમાં જોડાયો

ક્રાઇસ્ટચર્ચ, તા. 23 : ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટી-20 મેચ માટે ઇજાગ્રસ્ત ઇશાન કિશનના કવર તરીકે આજે શુક્રવારે ભારતીય ટીમમાં અનકેપ્ડ વિકેટકીપર-બેટ્સમેન કુમાર કુશાગ્રનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીસીસીઆઇએ જણાવ્યું હતું કે પુરુષોની પસંદગી સમિતિએ બીજી ટી-20I માટે કુમાર કુશાગ્રને ટીમમાં કવર તરીકે ઉમેર્યો છે. કુશાગ્ર હાલમાં ભારત A ટીમ સાથે ક્રાઇસ્ટચર્ચમાં છે અને બીજી મેચ માટે ભારતીય ટીમમાં જોડાશે.

ફ્રેન્ચ ઓપન : સિંધુ સેમીમાં, અશ્મિતા હારી

પેરિસ, તા. 23 : બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ પીવી સિંધુ આજે શુક્રવારે અહીં ફ્રેન્ચ ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટના મહિલા સિંગલ્સ સેમી ફાઇનલમાં પહોંચી ગઈ છે જ્યારે અશ્મિતા ચલિહાનું પ્રભાવશાળી અભિયાન ક્વાર્ટર ફાઇનલમાં સમાપ્ત થયું છે. સિંધુએ ક્વાર્ટર ફાઇનલમાં ચાઇનીઝ તાઇપેઈની ચિયુ પિન-ચિએનને 39 મિનિટમાં સીધી ગેમમાં 21-13, 21-14 થી હરાવી. ગુરુવારે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ત્રણ વખતની વિશ્વ ચેમ્પિયન જાપાનની અકાને યામાગુચીને હરાવીને મોટો અપસેટ કરનારી અશ્મિતા જાપાનની નોઝોમી ઓકુહારા સામે કઠિન મેચમાં 10-21, 21-17, 16-21થી હારી ગઈ.

અનાહત પહેલી વાર PSA ગોલ્ડ સ્ક્વોશની સેમીમાં

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) : ભારતીય સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહે પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખીને યુએસએના રેડવુડ સિટીમાં ચાલી રહેલી સિલિકોન વેલી ઓપન ટુર્નામેન્ટમાં છઠ્ઠી ક્રમાંકિત ઇજિપ્તની સલમા હાનીને 4-11, 11-8, 4-11, 11-2, 11-5થી 42 મિનિટમાં હરાવી રોમાંચક જીત સાથે પ્રથમ વખત PSA ગોલ્ડ ઇવેન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ઓલિમ્પિક્સ ક્રિકેટ ક્વોલિફાયર 2028ના પ્રારંભે

નવી દિલ્હી, તા. 23 : લોસ એન્જલસમાં યોજાનારી 2028 ઓલિમ્પિક ગેમ્સની ક્રિકેટ સ્પર્ધા માટે ક્વોલિફાયર જાન્યુઆરી-ફેબ્રુઆરી 2028 માં યોજાશે. ઓક્ટોબરમાં દુબઇમાં યોજાયેલી બેઠકો પછી આઇસીસીએ તેના સભ્ય બોર્ડ સાથે શેર કરેલી વૈશ્વિક સ્પર્ધાઓની યાદીમાં પુરુષો અને સ્ત્રીઓ બંને માટે ઓલિમ્પિક્સ ક્વોલિફાયરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સુડોકુ ૪૯૯૨

૮	૯	૬			૩	૭	૧	૨
				૭	૯	૮	૫	૬
	૫		૨					
૧	૬					૫		
	૮	૨	૩			૬	૪	૯
				૬		૩		
૬	૧	૮					૨	૩
૨	૪			૩	૧	૯		
		૫	૬	૨		૧	૮	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

તજાગરમી

સતત હાથ પગ કળે, હોઠ ફાટી જાય, પગમા વાઢિયા થાય, પેશાબમા બળતરા થાય તેનો ગ્રામ્ય પ્રયોગ જુઓ. દૂધિયા હેમકંદ (Maerua tubers) ના સૂકા ભૂકા દશ ગ્રામ રાત્રે 50 મીલી પાણીમા ભીંજવી દો. સવારે ગાળી લઇ, સાકર નાખી પીવું. વધેલા ફૂચામા બીજું 50 મીલી પાણી ઉમેરી સાંજે પીવું. રોજ રાત્રે નવો ભૂકો લેવો.

શબ્દગુંફન - ૭૨૭૮

અરવિંદ એસ. મારૂ

૧		૨		૩		૪		૫	
		૬	૭						
૮					૯		૧૦		૧૧
		૧૨		૧૩			૧૪		
	૧૫					૧૬			
૧૭				૧૮				૧૯	
૨૦	૨૧		૨૨			૨૩			
	૨૪	૨૫			૨૬			૨૭	૨૮
૨૯				૩૦			૩૧		
૩૨						૩૩			

આડી ચાવી
૧. ભાવાર્થ, મતલબ (૩)
૩. છાનું છૂપું (૬)
૬. ગામ કે ખેતરની ચોકી કર્યાનું મહેનતાણું (૩)
૮. અડચણ, વિરોધ (૨)
૯. સેવક (૩)
૧૨. પશુ, જાનવર (૪)
૧૪. એક વેલ (૩)
૧૫. જનાવરનાં ખેલનો તમાશો (૪)
૧૬. એક વજન (૨)
૧૮. સગાઈ, વેણ, વચન (૩)
૧૯. નમેલું (૨)
૨૦. કોઈક વાર, ક્યારેક (૨)
૨૨. રાહ, રસ્તો (૨)
૨૩. સમાચાર (૩)
૨૪. હવા, વાયુ (૩)
૨૬. કિનારો (૨)
૨૭. હોડી (૨)
૩૦. ઢીલ, વિલંબ (૨)
૩૧. બાણ જાય એટલે અંતરે (૩)
૩૨. પવનપુત્ર હનુમાન (૫)
૩૩. ઉપકાર, આભાર (૨)

ઊભી ચાવી
૧. મકાનમાં તડકો આવતો અટકાવવા બંધાતો પડદો (૪)
૨. બાણ, તીર (૨)
૩. લાગો, કર (૨)
૪. સિંહની ગર્જના (૩)
૫. લાડવાચક શબ્દ (૨)
૭. ભયાનક, બિહામણું (૪)
૯. જાસૂસ (૨)
૧૦. પતિ, રમવું તે (૩)
૧૧. વકીલનું કામ (૪)
૧૨. વૃદ્ધ, ઘરડું (૩)
૧૩. વસવું તે, રહેઠાણ (૪)
૧૬. લશ્કરી વહાણ (૪)
૧૭. અધિકાર (૨)
૧૯. આડખીલી, મુશ્કેલી (૪)
૨૧. દીપક (૨)
૨૨. રંગ, વર્ણ (૨)
૨૫. મુખ, ચહેરો (૩)
૨૬. બાણ (૩)
૨૮. ધારો, પ્રથા (૩)
૨૯. વિસ્તાર (૨)
૩૦. પવન (૨)
૩૧. એક જંતુ (૨)

આજનું પંચાંગ

તા. 24/10/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: સુદ:તેરસ: 13:38
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક:-02 **યોગ :** વ્યાઘાત
કરણ: ગર **નક્ષત્ર :** ઊ.ભા.:- 20:33
રાશી: મીન (દ,ચ,ઝ,થ)
દિવસ : સામાન્ય- બુધ વક્રી- 12:44
સુરતમાં સૂર્યોદય : 06:38 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:07
નવકારસી : 07:27
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 11 મો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 12મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ધર્મ-કર્મ, સમાજ સેવાથી શાંતિ મળે. વિદેશના કામમાં વિઘ્નો આવે. ગુપ્તભય સતાવે. ખર્ચા વધશે.
વૃષભ (બ,વ,ઉ,): મિત્રો સાથે મનોરંજન થાય. નવા વ્યવસાયની યોજના બને. મોજ-શોખના ધંધામાં આવક વધશે.
મિથુન (ક,છ,ઘ,): વેપાર-ધંધામાં અનુકૂળતા થાય. સરકારી કામમાં વિઘ્નો આવે. જાહેરજીવનમાં ધીરજ રાખવી. આવક વધે.
કર્ક (ડ,હ,): કાયદા કાનૂન, સાહિત્ય, લેખન, પ્રવાસ, પર્યટન, શિક્ષણને લગતાં કામમાં પ્રગતિ થાય. અચાનક શુભ સમાચાર મળે.
સિંહ (મ,ટ,): આરોગ્ય નરમ રહે. નોકરીમાં બોજ વધે. શત્રુઓ સતાવે. માતા સાથે ઘર્ષણ થાય. ગુપ્ત ભય સતાવે.
કન્યા (પ,ઠ,ણ,): રોજના કામની દોડધામથી ઘરમાં અશાંતિ વધશે. દાંપત્યમાં અસંતોષ વધે. રોજની આવક વધે.
તુલા (ર,ત,): પ્રેમમાં ધીરજ રાખવી. અભ્યાસમાં મન ઓછું લાગશે. મિત્રો સાથે મનોરંજન થાય. શુભ કાર્ય થાય.
વૃશ્ચિક (ન,ય,): આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. વિદ્યાર્થીઓને ટેકનોલોજીનો લાભ મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): ઘરના કામમાં પ્રગતિ થાય. નવા વેપાર ધંધાની યોજના બને. બહારના કામનો બોજ સતાવે.
મકર (ખ,જ,): આત્મવિશ્વાસ વધે. ગુસ્સા પર કાબુ રાખવો. મિત્રો અને ભાઈ-બહેનો સાથે ઘર્ષણ થાય.
કુંભ (ગ,સ,શ,ષ,): આર્થિક બાબતે ચોક્કસ બનશો. ઘરમાં મહેમાનોની અવરજવરથી અશાંતિ પેદા થાય.
મીન (દ,ચ,ઝ,થ,): મનગમતી મુલાકાત થાય. નોકરીમાં નવી તક મળે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો.

કોઈ પણ સાલમાં 24 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં આવક વધશે. સરકારી નોકરીયાતની જવાબદારી અને સ્થાન ફેરથી દોડધામ વધે. ધંધામાં હરીફો સતાવે. આરોગ્ય નરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. ઉમરલાયકનાં વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદથી રાહત થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. નવો ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. સંતાનોના કામ, અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. પ્રેમ-વિવાહમાં વિઘ્નો આવે. સ્ત્રી વર્ગની નોકરીમાં પ્રગતિ પણ પારીવારિક જીવનમાં પ્રશ્નો સતાવેશ. વિદેશના કામમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. એપ્રિલ-મે-સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં શુક્ર-શનિવારે 06,15,24 તારીખે નવા કામ કરવા. સફેદ રંગનો ઉપયોગ કરવો. જુલાઈ- ઓગસ્ટમાં બુધવારે 01,10,19,28 તારીખે નવા કામ ટાળવો. ભૂરા રંગનો ઉપયોગ ઓછો કરવો. શુક્રવારના ઉપાય કરતા રહેવું.

અનુસંધાન... પાના પહેલાનું

ડ્રોન ક્ષમતા...

ડ્રોન સિસ્ટમ્સને મોટા પાયે અપનાવવી જ પડશે,' તેમ તેમણે કહ્યું હતું. કપૂરે જણાવ્યું હતું કે પહાડી યુદ્ધ ક્ષેત્ર માટે તાલીમબદ્ધ અને લગભગ ૯૫,૦૦૦ જવાનોનું બળ ધરાવતી આઈટીબીપી (ITBP) ને સરકાર તરફથી ?૪૦૦ કરોડનું ફંડ મળ્યું છે અને આ ફંડમાંથી ૭૦ ટકા રકમ દળની ડ્રોન યુદ્ધ ક્ષમતાઓને વધારવા માટે અનામત રાખવામાં આવી છે.

ક્રુડ ઓઇલ 5 મહિનાની...

માટે પૂરતું છે. ઈરાન યુદ્ધ શરૂ થયું તે પહેલા ફેબ્રુઆરીમાં તેલનો ભાવ પ્રતિ બેરલ આશરે ૭૨ ડોલર આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો, પરંતુ એપ્રિલના અંત સુધીમાં તે ઊછળીને પ્રતિ બેરલ ૧૨૬ ડોલર સુધી પહોંચી ગયો હતો.

બિહારના સીવાનમાં...

દોડી આવ્યા હતા અને રાહત-બચાવ કામગીરી શરૂ કરી હતી. મૃતદેહો ક્ષત-વિક્ષત થઈ જવાના કારણે તેમની ઓળખ કરવામાં મુશ્કેલી પડી રહી છે. ઘટનામાં વહીવટી બેદરકારી સામે આવતા પોલીસ અધિક્ષક (એસપી) ભારત સોનીએ જામો બજારના થાનાધ્યક્ષ અને સ્થાનિક ચોકીદાર ચંદ્રિકા માંઝીને તત્કાલ અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. આ સમગ્ર માક્રણની ઊંડાણપૂર્વક તપાસ માટે મહારાજગંજ એસડીપીઓ હેઠળ એક વિશેષ પોલીસ ટીમની રચના કરવામાં આવી છે, જે ગેરકાયદેસર રીતે ધમધમતી ફટાકડા ફેક્ટરીઓ અને વિસ્ફોટના વાસ્તવિક કારણોની તપાસ કરી રહી છે.

ચીની દળો સાથે...

છે. શું ભારતની પેટ્રોલિંગ કરવાની પહોંચ સાથે ચેડાં કરવામાં આવ્યા છે? અરુણાચલ પ્રદેશ ભારતનું અભિન્ન અંગ છે. શા માટે રાષ્ટ્રને અંધારામાં રાખવામાં આવી રહ્યું છે?', સાથે જ તેમણે એ પણ સવાલ કર્યો કે શું ભારતના મે 2020 પહેલાના પેટ્રોલિંગના અધિકારો સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. કોંગ્રેસ નેતાએ જણાવ્યું કે, ''19 જૂન, 2020 ના રોજ પીએમે આપેલા 'ક્લીન ચીટ'ની કિંમત દેશ ચૂકવી રહ્યો છે, જ્યારે 20 બહાદુર જવાનો શહીદ થયા પછી તેમણે કહ્યું હતું: 'ના કોઈ વહાં હમારી સીમા મેં ઘુસ આયા હૈ ઔર ના હી કોઈ ઘુસા હુઆ હૈ, ના હી હમારી કોઈ પોસ્ટ કિસી દૂસરે કે કબ્જે મેં હૈ'.''

તિબેટના ભૂકંપમાં...

બાકેન કાઉન્ટીના ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં ૧,૯૩૭ પરિવારો માટે વીજળી પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. ભૂકંપના કેન્દ્રબિંદુ આસપાસનો વિસ્તાર સરેરાશ ૪,૮૦૦ મીટરથી વધુની ઊંચાઈ ધરાવે છે. સ્થાનિક હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગામી ત્રણ દિવસમાં તાપમાન માઇનસ નવ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી જવાની ધારણા છે, અને શનિવારે એપિસેન્ટર નજીકના ત્રણ ટાઉનશીપમાં તૂટક તૂટક હિમવર્ષાની આગાહી છે. ચીનના પ્રમુખ શી જિનપિંગે ગુમ થયેલા લોકો માટે સર્ચ અને બચાવ કામગીરી હાથ ધરવા તથા ઘાયલોને તાત્કાલિક તબીબી સારવાર આપવાનો આદેશ આપ્યો છે.

અરુણાચલમાં ચીની...

જેના પછી બંને દેશો વચ્ચે સરહદી વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો. ઈન્ડો-તિબેટન બોર્ડર પોલીસ(ITBP), જેની સ્થાપના ૧૯૬૨માં કરવામાં આવી હતી, તે ચીન સાથેની ૩,૪૮૮ કિલોમીટર લાંબી લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ(LAC) પર પહેરો ભરવાનું કામ કરે છે. કપૂર, જેઓ ૩૧ ઓક્ટોબરે સેવા નિવૃત્ત થવાના છે, તેમણે ૨૪ ઓક્ટોબરે દળના ૬૫મા સ્થાપના દિવસ નિમિત્તે યોજાયેલા સન્માન સમારોહ દરમિયાન પોતાના દળના જવાનોને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે ચીન સરહદ આપણી 'સૌથી મુશ્કેલ' સરહદ છે, અને ચીન એક 'શક્તિશાળી' પડોશી તથા ભારતનો 'સૌથી મોટો શત્રુ' દેશ છે, જેનો 'સામનો' કરવા માટે ક્ષમતાઓ વધારવી જરૂરી છે.

ચીની દળો...

તેમણે ઉમેર્યું હતું કે, ''બંને પક્ષો બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા અને વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ગેરસમજ તથા ખોટી ગણતરીઓ ટાળવા માટે હાલની રાજદ્વારી અને સૈન્ય વ્યવસ્થાનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે.'' જયસ્વાલે જણાવ્યું હતું કે બંને પક્ષો સરહદના વધુ સારા વ્યવસ્થાપન માટે યોગ્ય વિસ્તારોમાં LACની સમજણને સુધારવાની રીતો પર ચર્ચા કરવા માટે પણ સંમત થયા છે. તેમણે કહ્યું, 'હું એ વાત પર પણ ભાર મૂકવા માંગુ છું કે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિની જાળવણી એ દ્વિપક્ષીય સંબંધોના એકંદર વિકાસ માટે અત્યંત જરૂરી છે.' 'બંને પક્ષો લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા તથા કોઇપણ પ્રકારની ગેરસમજ અને ખોટી ગણતરી ટાળવા માટે હાલની રાજદ્વારી અને સૈન્ય વ્યવસ્થાનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે,' તેમણે કહ્યું. જયસ્વાલે જણાવ્યું હતું કે, બંને પક્ષો સીમા વ્યવસ્થાપનને વધુ બહેતર બનાવવા માટે યોગ્ય વિસ્તારોમાં LACની સમજણમાં સુધારો કરવાના માર્ગો પર ચર્ચા કરવા માટે પણ સંમત થયા છે.

જિઓ પ્લેટફોર્મ્સના...

આ ઓફરિંગમાં સંસ્થાકીય રોકાણકારોની માંગ સૌથી મજબૂત હતી. ક્વોલિફાઇડ ઈન્સ્ટીટ્યુશનલ બાયર્સ (QIB)એ અનામત રખાયેલા ૪.૯ કરોડ શેરો સામે ૩૪૫.૮ કરોડ શેરો માટે બોલી લગાવી હતી, જેથી આ કેટેગરી ૭૦.૫૫ ગણી ભરાઈ હતી. નોન-ઈન્સ્ટીટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (NII) ફાળવેલ હિસ્સા કરતા ૧૪ ગણું અને રિટેલ વ્યક્તિગત રોકાણકારોએ તેમના માટે અનામત શેરો સામે ૨.૭૨ ગણું બોલી લગાવી હતી. QIB કેટેગરીમાં, બેંકો, નાણાકીય સંસ્થાઓ અને વીમા કંપનીઓ સહિત દેશી નાણાકીય સંસ્થાઓએ ૧૫૨.૫ કરોડ શેરો માટે અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ ૧૨૩.૯ કરોડ શેરો માટે બોલી લગાવી હતી. મ્યુચ્યુઅલ ફંડોએ ૩૫.૭ કરોડ શેરો માટે બોલી લગાવી હતી. એક્સચેન્જ ડેટા દર્શાવે છે કે શેરહોલ્ડર રિઝર્વેશન કેટેગરી ૭.૬૦ ગણી અને કર્મચારીઓનો હિસ્સો ૨.૯૩ ગણો સબ્સ્ક્રાઇબ થયો હતો.

સીઈસીના રાજીનામાની...

ડાક ખાના પાસેથી શરૂ થયેલા આ માર્ચમાં સહભાગીઓએ તિરંગાઓ અને 'એસઆઈઆર રદ કરો', 'મત ચોરી' તથા 'એસઆઈઆર સાથે ચૂંટણી નહીં' લખેલા બેનરો સાથે મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે તેમને આગળ વધતા અટકાવ્યા બાદ પ્રદર્શનકારીઓએ રસ્તા પર જ બેસીને 'પીપલ્સ પાર્લામેન્ટ' યોજી હતી. સેક્શન 163ના પ્રતિબંધો વચ્ચે મધ્ય દિલ્હીમાં પોલીસ અને રેપિડ એક્શન ફોર્સ (આરએએફ)ના જવાનોને ભારે સંખ્યામાં તૈનાત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં સીપીઆઈ(એમ)ના વરિષ્ઠ નેતા વૃંદા કરાત, ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય મહાસચિવ યુદ્ધવીર સિંહ અને સીપીઆઈના રાજ્યસભા સાંસદ પી. સંતોષ કુમાર સહિતના અગ્રણીઓ જોડાયા હતા. આંદોલનકારીઓએ આરોપ લગાવ્યો હતો કે એસઆઈઆર પ્રક્રિયા દ્વારા લાખો પાત્ર મતદારોના નામ યાદીમાંથી કમી કરવામાં આવ્યા છે, જે લઘુમતીઓ, દલિતો અને આદિવાસીઓના મતાધિકાર પર સીધો હુમલો છે. આયોજકોએ જણાવ્યું છે કે આ અભિયાન અંતર્ગત 1 નવેમ્બર સુધી દેશભરના 18 રાજ્યોના 88 શહેરોમાં 145થી વધુ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનો યોજવામાં આવશે અને આગામી દિવસોમાં આ આંદોલનને વધુ તીવ્ર બનાવવામાં આવશે.